ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના : પ્રગતિપથ યાત્રા



**વડોદરા** : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના 'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ'ના સુશાસનના ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના ગૌરવશાળી અવસરે વડોદરા જિલ્લામાં 'પ્રગતિપથ યાત્રા' યોજાઈ રહી છે. આ યાત્રા અંતર્ગત જિલ્લાના વિવિધ અગ્રણીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ભારતની આધુનિક માળખાગત સુવિધાઓ અને ઉત્કૃષ્ટ મોડેલ સમાન વિકાસ કાર્યોથી પરિચિત થઈ રહ્યા છે. આ કડીમાં આજે ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, પ્રદેશ સંગઠનના ઉપાધ્યક્ષ રસિકભાઈ પ્રજાપતિ, વડોદરા જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી અંકિતા પરમાર, વિવિધ એ.પી.એમ.સી.ના ચેરમેનશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓએ વરણામા સ્થિત 'વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર' ની ઉત્સાહભેર પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. મુલાકાતના પ્રારંભે મહાનુભાવો અને રેલવેના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે એક બેઠક યોજાઈ હતી. માલસામાનની ઝડપી, સુરક્ષિત અને સમયબદ્ધ હેરફેર માટે કેન્દ્ર સરકાર દ્વારા કરોડોના ખર્ચે બનાવવામાં આવેલો આ ખાસ રેલવે ટ્રેક (ફ્રેટ કોરિડોર) વરણામા રેલવે સ્ટેશનની બિલકુલ નજીકથી પસાર થાય છે.

### મારું ગામ "પ્લાસ્ટિક મુક્ત ગામ" ના સંકલ્પ સાથે પ્લાસ્ટિક સફાઈ ઝુંબેશ કાર્યક્રમ યોજાયો



**વડોદરા** : સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત આજરોજ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ગણપતપુરા ગ્રામ પંચાયત ખાતે ડભોઇ તાલુકાના વસઇ ગામ અને આમોદર ગામ ખાતે "પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ (પ્લાસ્ટિક સફાઈ ઝુંબેશ)" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.. કાર્યક્રમ અંતર્ગત ગ્રામ પંચાયત અને સ્થાનિક ગ્રામજનોના સહયોગથી ગામના મુખ્ય રસ્તાઓ, જાહેર સ્થળો, શાળા આસપાસના વિસ્તારો તેમજ બજાર વિસ્તારમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઝુંબેશ દરમિયાન વિવિધ પ્રકારનો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી ગામને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. ગણપતપુરા ગ્રામ પંચાયત ખાતે તાલુકા વિસ્તરણ અધિકારી પંચાયતશ્રી પ્રશાંત સાનેની ઉપસ્થિતિ વિશેષ માર્ગદર્શનરૂપ રહી હતી. ઉપરાંત ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી, સરપંચ, ઉપસરપંચ, પંચાયતના સભ્યઓ તથા ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

### વડોદરા જિલ્લાના ગામડાઓમાં જનભાગીદારી સાથે 'પ્લાસ્ટિક સફાઈ ઝુંબેશ' અન્વયે સઘન શ્રમદાન કરાયું



**વડોદરા** : વડોદરા જિલ્લામાં 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન'ના દ્વિતીય દિવસે આજે 'પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ' અંતર્ગત સમગ્ર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પર્યાવરણ સુરક્ષા અને અપ્રતિમ જનજાગૃતિનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક ગ્રામ પંચાયતો અને ગ્રામજનોના સક્રિય તેમજ ભાવનાત્મક સહયોગથી યોજાયેલી આ સઘન ઝુંબેશમાં ગામડાઓના મુખ્ય રસ્તાઓની બંને બાજુઓ, જાહેર સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્થાનિક બજારોમાંથી તમામ પ્રકારના પ્લાસ્ટિક કચરાનો વ્યવસ્થિત નિકાલ કરવામાં આવ્યો હતો. સાથે જ એકત્રિત થયેલા પ્લાસ્ટિક કચરાના વજનની ચોક્કસ નોંધણી પણ કરવામાં આવી હતી. જિલ્લાના ખૂણે-ખૂણે સ્વચ્છતાનો પવિત્ર સંદેશ પહોંચાડતી આ ઝુંબેશ અંતર્ગત વાઘોડિયા તાલુકાના આમોદર, કોટંબી અને ખંધા; ડભોઈ તાલુકાના વસઈ અને થુવાવી; વડોદરા તાલુકાના ધનોરા, ખટંબા, ગોસીન્દ્રા અને રામનાથ; પાદરા તાલુકાના ગણપતપુરા; ડેસર તાલુકાના વરસડા, વેજપુર અને છાલીયેર; કરજણ તાલુકાના મોટી કોરલ, સુરવાડા, ચોરંદા, અણસ્તું અને ખાંધા તેમજ શિનોર તાલુકાના મોલેથા અને માંડવા ગામ સહિત સાવલી તાલુકાના ટુંડાવ જેવા અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનોની સહભાગિતા જોવા મળી હતી.

### પાદરા બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે VYS દ્વારા પુરુષોત્તમ યજ્ઞનું આયોજન

**પાદરા** : પાદરા સ્થિત બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે તા. ૧૧/૦૬/૨૦૨૬ના રોજ ધાર્મિક ભાવનાને ઉજાગર કરતો ભવ્ય પુરુષોત્તમ યજ્ઞ યોજવામાં આવ્યો છે. યજ્ઞમાં ૧૧ પવિત્ર જોડાઓ દ્વારા યજ્ઞ-પૂજનનો લાભ લેવામાં આવશે. આ પ્રસંગે પાંચ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મંત્રોચ્ચાર સાથે યજ્ઞ અને પૂજનવિધિ સંપન્ન કરાવવામાં આવશે. યજ્ઞ દરમિયાન ભક્તજનોને ધર્મલાભ મળે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ યજ્ઞ પૂર્ણ થયા બાદ સાંજે ભવ્ય મહા આરતી યોજાશે, જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ધર્મલાભ લેશે. સમગ્ર કાર્યક્રમને લઈને મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાશે અને શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ વૈષ્ણવ ભક્તોને યજ્ઞ તથા મહા આરતીમાં હાજર રહી ધર્મલાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય સફાઇ ઝુંબેશ અંતર્ગત વડોદરા જિલ્લામાંથી ૬૬ કિલો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરાયો




**વડોદરા** : ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ લાવવા તેમજ જાહેર સ્થળોને કચરામુક્ત બનાવવાના ઉદ્દેશ્યથી સમગ્ર રાજ્યમાં વિવિધ સ્વચ્છતા અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે વડોદરા જિલ્લા તંત્ર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સંચાલિત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત આજે "પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. ઝુંબેશના બીજા દિવસે 'પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ'ની ઉજવણી અંતર્ગત જિલ્લાના ગ્રામ પંચાયતો, સ્થાનિક આગેવાનો, સ્વચ્છતા કર્મચારીઓ અને ગ્રામજનોના સહયોગથી ગામોના મુખ્ય માર્ગો, રસ્તાની બંને બાજુઓ, જાહેર સ્થળો, બજારો તેમજ અન્ય વિસ્તારોમાં સામુહિક સાફ સફાઈ હાથ ધરાઇ હતી. સફાઇમા ખાસ કરીને પ્લાસ્ટિક કચરો અલગથી એકત્રિત કરી તેના યોગ્ય નિકાલ માટે પસ્તીભંગારની દુકાનમા વેચણ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હતી. અર્બન અને ગ્રામ્ય એમ સમગ્ર જિલ્લામાં યોજાયેલી આ ઝુંબેશ દરમિયાન કુલ - ૬૬ કિલો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. જેમાં તાલુકાવાર જોઇએ તો, સાવલી તાલુકામાં ૦૫ કિલો, કરજણ તાલુકા -૦૬ કિલો, શિનોર તાલુકામાં -૦૭ કિલો, પાદરા તાલુકા -૭.૩ કિલો, ડભોઈ તાલુકા -૦૮ કિલો, ડેસર તાલુકામાં ૦૯ કિલો, વડોદરા અર્બન -૦૯ કિલો અને વાઘોડિયા તાલુકામાંથી સૌથી વધુ ૧૫ કિલો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

---

#### જર્જરિત ગટર લાઇનો અને પાણીની પાઇપલાઇનોને કારણે દૂષિત પાણીની સમસ્યા

## પાદરાના નવાપુરામાં ગટરનું દુષિત પાણી આવતા રોગચાળાનો ભય

(પ્રતિનિધિ) પાદરા, તા.9

પાદરાના નવાપુરા વિસ્તારમાં ગટરનું દુષિત પાણી પીવાના પાણીમાં ભળતાં રોગચાળાનો ભય, નરેશભાઈ સોલંકીની લેખિત રજૂઆત પાદરા શહેરના નવાપુરા વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી ગટરનું દુષિત અને દુર્ગંધયુક્ત પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી જતાં સ્થાનિક રહેવાસીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર સમસ્યાના તાત્કાલિક નિકાલ માટે સામાજિક કાર્યકર નરેશભાઈ સોલંકી દ્વારા પાદરા નગરપાલિકાના પ્રમુખ તથા મુખ્ય અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.



રજૂઆતમાં જણાવ્યા મુજબ નવાપુરા વિસ્તારમાં આવેલી જૂની અને જર્જરિત ગટર લાઈનો તથા ચેમ્બરો નુકસાનગ્રસ્ત થઈ જતાં ગટરનું ગંદુ પાણી પીવાના પાણીની પાઈપલાઈનમાં ભળી રહ્યું છે. જેના કારણે સ્થાનિકોને નળમાંથી પીળાશ પડતું, લોહાળ રંગનું તેમજ દુર્ગંધયુક્ત પાણી મળી રહ્યું છે. આ પાણીનો ઉપયોગ ઘરગથ્થુ કામકાજ તેમજ પીવા માટે કરવો પડતો હોવાથી વિસ્તારના લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર ગંદા પાણીના ઉપયોગને કારણે અનેક પરિવારોના સભ્યો ઝાડા, ઉલટી, તાવ અને પેટ સંબંધિત બીમારીઓનો ભોગ બની રહ્યા છે. તારીખ 29 મે, 2026ના રોજ ફાલ્ગુનીબેન ભાવેશભાઈને ઝાડા અને ઉલટીની ગંભીર તકલીફ સર્જાતા તેમને પાદરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે દાખલ કરવાની ફરજ પડી હતી.

સ્થાનિકો દ્વારા અનેક વખત મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે પીવાના પાણીના નમૂનાઓ લઈ પાણી પુરવઠા વિભાગની માન્ય લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવે તેમજ તપાસ અહેવાલ જાહેર કરવામાં આવે.

## ખેડૂતોના હિતમાં સાવલીના ધારાસભ્યની કૃષિ મંત્રીને રજૂઆત

**MSP હેઠળ** બાજરી, જુવાર અને મકાઈની ખરીદી મર્યાદા ગત વર્ષ મુજબ રાખવા માંગ કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.9

કુદરતી હોનારતો, વાવાઝોડા અને કમોસમી વરસાદની બેવડી માર સહન કરી રહેલા ખેડૂતોની વહારે સાવલી વિધાનસભાના ધારાસભ્ય કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ ચાલુ વર્ષે સરકારી ખરીદીની મર્યાદામાં કરાયેલા ઘટાડાને કારણે ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે. આ ગંભીર બાબતને ધ્યાને લઈને



ધારાસભ્યએ રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના મંત્રી જીતુભાઈ વાઘાણીને લેખિતમાં અંગત ભલામણ પત્ર પાઠવી ખેડૂતોના હિતમાં તાકીદે નિર્ણય લેવા રજૂઆત કરી છે. ધારાસભ્ય કેતન ઈનામદારે પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં 'ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ' દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ હેઠળ બાજરી, જુવાર અને મકાઈ જેવા ધાન્ય પાકોની ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

---

#### હું કદરૂપું છું મને સુંદર બનાવો કુસુમ સાગર તળાવનું રૂદન

## છોટાઉદેપુર નગરમાં આવેલું કુસુમ સાગર તળાવ ગંદકીથી ખદબદી રહ્યું છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.9

છોટાઉદેપુર નગરની મધ્યમાં આવેલું કુસુમ સાગર તળાવ જે નગરની શોભા ગણવામાં આવે છે આ કુસુમ સાગર તળાવનો વહીવટ વર્ષોથી નગરપાલિકાના હવાલે ચાલી રહ્યો છે પરંતુ આ તળાવમાં ઉગેલી જળકુંભીની નફ્ફટ વેલો દર વર્ષે તળાવનું સૌંદર્ય બગાડે છે પરંતુ આ અંગે કાયમી નિકાલ આવતો નથી અને તળાવનું પાણી દુર્ગંધ મારી રહી છું નગરની મધ્યમાં આવેલું આ તળાવ ફરવા ફરવા માટેનું એક સ્થળ છે પરંતુ ઉગેલી વેલો અને મચ્છરનો ઉપદ્રવ તળાવની શોભા બગાડી રહ્યો છે.

કુસુમ સાગર તળાવની અંદર વારંવાર તેના રીનોવેશન અને



સૌંદર્ય કરણને લીધે કરોડોનો ખર્ચો કરવામાં આવી રહ્યો છે પરંતુ પાણી સ્વચ્છ અને ચોખ્ખું ન હોવાથી આ ખર્ચો વ્યય થતો હોય તેમ લાગી રહ્યું છે. થોડા સમય અગાઉ અંદાજે 3 કરોડ 50 લાખના ખર્ચે તળાવનું સૌંદર્ય કરણ કરવામાં આવ્યું તળાવમાં ફુવારા તથા રોશની નો ઝગમગાટ કરવામાં આવ્યો પરંતુ આ ખર્ચ વ્યય થયો હોય તેમ લાગી રહ્યું છે તળાવની અંદર ફરી જળ કુંભીની નફ્ફટ વેલો ઊગી નીકળી છે જેને સાફ કરવાના તંત્રના તમામ પ્રયત્નો પાંગળા પુરવાર થયા છે

અત્રે ઉલ્લેખનિય છે કે છોટાઉદેપુર નગરમાં આવેલું કુસુમ સાગર તળાવ જેની સાફ સફાઈ બાબતેનો પાંચ વર્ષનો રૂ 20 લાખનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો જેમાં કોન્ટ્રાક દર વર્ષે 4 લાખ જેવી રકમ કોન્ટ્રાક્ટરને સાફ સફાઈ બાબતે ફાળવવાના આવવાનું નક્કી કરવામાં આવ્યું.

## ગરમીમાંમોટીરાહત:માલસર કિનારે સહેલાણીઓની મોજ

(પ્રતિનિધિ) શિનોર, તા.9

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના પવિત્ર યાત્રાધામ માલસર ગામ નજીકથી પસાર થતી પવિત્ર નર્મદા નદીનો કિનારો હાલ ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે સહેલાણીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યો છે. ગરમીથી રાહત મેળવવા માટે મોટી સંખ્યામાં લોકો પરિવાર અને મિત્રો સાથે અહીં આવી રહ્યા છે અને નર્મદાના શીતળ જળમાં સ્નાન કરીને પ્રકૃતિની ગોદમાં આનંદની પળો માણી રહ્યા છે.

રાજ્યભરમાં ઉનાળાનો પ્રકોપ સતત વધી રહ્યો છે અને તાપમાનમાં થઈ રહેલા વધારાને કારણે લોકો ઠંડક અને મનોરંજનના સ્થળોની શોધમાં નીકળી રહ્યા છે. ત્યારે માલસર



ગામ નજીક નર્મદા બ્રિજ પાસે આવેલ નર્મદા નદીનો કિનારો પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બની ગયો છે.

દરરોજ મોટી સંખ્યામાં સહેલાણીઓ નર્મદાના સ્વચ્છ અને ઠંડા જળમાં સ્નાન કરવા માટે અહીં પહોંચી રહ્યા છે. ખાસ કરીને રજાના દિવસો અને વીકએન્ડ દરમિયાન પરિવાર સાથે આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. બાળકો, યુવાનો અને વડીલો સૌ નદી કિનારે સમય પસાર કરીને ઉનાળાની ગરમીમાંથી રાહત મેળવી રહ્યા છે.

## જાસપુરમાં ઝેરી સાપ કરડતાં 13 વર્ષીય કિશોરનું મોત

પાદરાઃ પાદરા તાલુકાના જાસપુર ગામની ઈન્દિરા કોલોનીમાં રહેતા 13 વર્ષીય કિશોરનું ઝેરી જનાવર કરડતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જાસપુર ઈન્દિરા આવાસમાં રહેતા વિરલભાઈ કનુભાઈ પરમાર (ઉ.વ. 13 વર્ષ) ગત રોજ સવારેના સમય દરમિયાન પોતાના ઘર આગળ પ્લાસ્ટિકની દળી વડે રમતા હતા. રમતી વખતે દળી ઘર આગળ મુકેલા લાકડામાં જતી રહેતા તેને લેવા જતા તેમના ડાબા હાથના અંગૂઠાના ભાગે કોઈ ઝેરી સાપ જેવું જનાવર કરડ્યું હતું. બનાવ બાદ પરિવારજનોએ વિરલભાઈને તાત્કાલિક સારવાર માટે ગોત્રી જનરલ હોસ્પિટલ, વડોદરા ખાતે ખસેડ્યા હતા.

---

## એહેલે સુન્નત વલ કસ્બા જમાઅત દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.9

જિલ્લા શિક્ષણ અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલ સમારોહમાં ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સ્મૃતિચિન્હ અને સન્માનપત્રથી નવાજવામાં આવ્યા, 'વ્હાલી દીકરી યોજના'ના હુકમોનું પણ વિતરણ કરાયું.

એહેલે સુન્નત વલ કસ્બા જમાઅત, છોટાઉદેપુર દ્વારા બાળકોને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુ સાથે કાદરીયા ચોક ખાતે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા શિક્ષણ અધિકારી એ.એમ. પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો, જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે



જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જે.કે.પરમાર તથા જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારી હિનાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કસ્બા જમાતના કાર્યકરો દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના મનોબળને મજબૂત કરી તેમના શૈક્ષણિક ઉત્સાહમાં વધારો કરવાનો હતો. આયોજિત સન્માન સમારોહમાં ધોરણ ૧ થી ૧૨ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે ઉત્તીર્ણ થનાર તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કર્યા હતા.

## અંકલેશ્વર નજીક એક્સપ્રેસ હાઈવે પર ગંભીર અકસ્માત : ચાર ઘાયલ



(પ્રતિનિધિ) ભરૂચ, તા.9

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર આજે બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ભીષણ અકસ્માતમાં ચાર લોકો ઘાયલ થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અકસ્માત એટલો ભયંકર હતો કે બંને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. એક કાર હાઈવે પરથી નીચે પલટી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત બાદ પોલીસે જ્યારે ઘટનાસ્થળની તપાસ શરૂ કરી ત્યારે એક કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો તેમજ શું આ અકસ્માત સાથે તેનો કોઈ સંબંધ છે કે કેમ, તે અંગે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરી દીધી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## ડભોઈ પોલીસનો પ્રહાર: BNS કલમ 138નો ફરાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.9

વડોદરા જિલ્લા પોલીસ વડાની સૂચના અનુસાર વિવિધ ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન હેઠળ નાયબ જિલ્લા પોલીસ વડા આકાશ પટેલના માર્ગદર્શન અને ડભોઈ પોલીસ ઈન્સ્પેક્ટર પટેલની દેખરેખમાં અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમિયાન ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ 138ના ગુનામાં ફરાર જાહેર કરાયેલા આરોપી આદિલ હુસેન સઈદભાઈ લાફાવાળાને ઝડપી પાડવા માટે પોલીસ સતત પ્રયત્નશીલ હતી. આરોપીના



નિવાસસ્થાન તેમજ તેના સંભવિત ઠેકાણાઓ પર સતત નજર રાખવામાં આવી રહી હતી.

બાતમીના આધારે ગોઠવાયેલી વોચ સફળ, આરોપી દબોચાયો પોલીસને પોતાના બાતમીદારો મારફતે માહિતી મળી હતી કે આરોપી આદિલ હુસેન સઈદભાઈ લાફાવાળા પોતાના ઘરે આવવાનો છે. આ માહિતીના આધારે પોલીસે તેના ઘર આસપાસ વોચ ગોઠવી હતી. આરોપી ઘરે પહોંચતા જ પોલીસ ટીમે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

#### સોસાયટીની મંજૂરી વિના કોમન પ્લોટનો હેતુ બદલ્યાનો આક્ષેપ

## સોસાયટીના કોમન પ્લોટમાં પાણીની ટાંકી બનતા રહીશોની આત્મવિલોપનની ચીમકી

(પ્રતિનિધિ) કરજણ, તા.9

કરજણ નગરપાલિકા વધુ એક પાણીની ટાંકીના વિવાદમાં સપડાઈ છે. શહેરના વોર્ડ નં. ૩ ખાતે આવેલી વીર વિઠ્ઠલ સોસાયટીના કોમન પ્લોટમાં પીવાના પાણીની ટાંકી બનાવવાના મુદ્દે સોસાયટીના રહીશો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે વર્ષોથી રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા યોગ્ય નિકાલ કરવામાં આવ્યો નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, કરજણના વિકાસ માટે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ પાલિકા તંત્રના વહીવટી નિર્ણયોથી સ્થાનિક નાગરિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.



આ અગાઉ પણ કરજણના જૂના બજાર વિસ્તારમાં સોમનાથ મહાદેવ મંદિર પાસે નાગરિકોને પીવાના પાણીની સુવિધા આપવા માટે પાણીની ટાંકી મંજૂર કરવામાં આવી હતી. પરંતુ પાલિકાની જગ્યાના બદલે બાજુમાં આવેલી ખાનગી માલિકીની જમીન પર ટાંકી બાંધવામાં આવતા જમીન માલિકે કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. કોર્ટ દ્વારા માલિક પક્ષે ચુકાદો આપવામાં આવ્યો હોવા છતાં આજદિન સુધી યોગ્ય કાર્યવાહી ન થવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

હવે વધુ એક વિવાદ સામે આવ્યો છે. નવાબજાર વિસ્તારમાં આવેલી શહેરની જૂની વીર વિઠ્ઠલ સોસાયટીના કોમન પ્લોટનો હેતુ ફેરવી પાલિકા દ્વારા સોસાયટીની મંજૂરી વિના પાણીની ટાંકી બનાવવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ મુદ્દે સોસાયટીના રહીશો દ્વારા ઉચ્ચ કક્ષાએ અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કાર્યવાહી ન થતા અસંતોષ વધ્યો છે.

## બોડેલી નગરમાં અડચણરૂપ દબાણો દૂર કરવાની તજવીજ શરૂ કરાઈ

**હરખલી** કોતર પર પાઈપ લાઈન નાખવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.9

હરખલી કોતર ઉપર પાઈપલાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી રહી છે બોડેલી નગરપાલિકા દ્વારા શહેરના વિકાસના ભાગરૂપે હરખલી કોતર ઉપર પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.વર્ષાઋતુ દરમિયાન પાણીના નિકાલની સમસ્યા ન સર્જાય તેમજ સ્થાનિક લોકોને વધુ સારી સુવિધા મળી રહે તે હેતુથી આ કામગીરી કરવામાં આવી રહી છે. નગરપાલિકાના જણાવ્યા અનુસાર આ કામગીરી પૂર્ણ થયા બાદ આસપાસના વિસ્તારોમાં પાણીના વહન અને ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો



થશે. સ્થાનિક લોકોએ પણ આ વિકાસલક્ષી કામગીરીને આવકારી નગરપાલિકાની કામગીરીની પ્રશંસા કરી છે.આ કામગીરી સમયસર પૂર્ણ થાય અને લોકોને તેનો લાભ મળે તેવી સ્થાનિક નાગરિકોએ આશા વ્યક્ત કરી છે. ઉલ્લેખની છે કે નગરપાલિકામાં હરખલી કોતર ની સમસ્યાઓના કારણે 2022 માં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી તેને ધ્યાને લઈને નગરપાલિકા દ્વારા. ડ્રેનેજ પાઈપ લાઈન ની કામગીરી ને લઈ આસપાસ અડચણ ઊભી કરતી આવતી દુકાન દારો ને પણ તાત્કાલિક દુકાનો પર દબાણો દૂર કરવા આદેશ કરવામાં આવ્યો છે.

## શિનોરમાં કડિયાવાડથી ટીમ્બાફળીયા સુધીના RCC રસ્તાનું ખાતમુહૂર્ત

શિનોર : શિનોર ગામમાં છેલ્લા એક વર્ષ થી વિકાસ ના કામો નાની ભાગોળ વિસ્તાર, કોલોનીમા સતત ચાલે છે. કોલોની, કડીયાવાદ, ડબ્બી ફળિયું, લક્ષ્મીચોક, સિંધીવાડ અને ભટ્ટશેરી વિસ્તાર ના લોકો ની વર્ષો ની ગટર લાઈનની માગણી ને ગ્રામ પંચાયતના મહિલા સરપંચ કિન્નલબેન પટેલ અને ઉપ સરપંચ નિતિન ખત્રી ની રજુઆતો ના પગલે તત્કાલિન તા. પ. પ્રમુખ અને સરપંચ પતિ સચિન પટેલ દ્વારા જુદી જુદી તાલુકા પંચાયતમા આવતી ગ્રાન્ટ માંથી 50 લાખ ઉપરાંત ની ફાળવી આપતા ગટર લાઈન નુ કામ છેલ્લા એક વર્ષ થી ચાલે છે. તેમજ જોરભાઈ ના ફળીયા થી લક્ષ્મીચોક સી. સી રોડ 2 લાખ અને લક્ષ્મીચોક થી નાની ભાગોળ ગેસ એજન્સી સુધી 5 લાખ નો આરસીસીનુ કામ પણ કરવામાં આવ્યું.